# મોલમાં પાર્કિંગ ચાર્જ વસૂલવાની સત્તા માત્ર સરકારને: સુપ્રીમ કોર્ટ

**મોલમાં** પાર્કિંગ ચાર્જ વસૂલી શકાય કે નહીં તે અંગે ગુજરાત હાઇકોર્ટનો 2019નો ચુકાદો રદ

**અમદાવાદ** મહાનગરપાલિકાની પાર્કિંગ પોલિસી-2021ને ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટનો નિર્ણય

અમદાવાદઃ સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં મોલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં મુલાકાતીઓ પાસેથી પાર્કિંગ ચાર્જ વસૂલવા અંગેનો મહત્વપૂર્ણ ચુકાદો આપતાં ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચનો 10 જુલાઈ, 2019નો ચુકાદો રદ કરી દીધો છે.

જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ નોંગમેકપમ કોટીશ્વર સિંઘની ખંડપીઠે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ઘડવામાં આવેલી પાર્કિંગ પોલિસી-2021ને ધ્યાને લઈ જણાવ્યું છે કે અરજદારોએ આ પોલિસીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાથે જ ભવિષ્યમાં ગુજરાત સરકાર અથવા અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પાર્કિંગ અંગે કોઈ નવી પોલિસી ઘડવામાં આવે તો તેનું પણ પાલન કરવું પડશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે મોલ તથા અન્ય જાહેર/કોમર્શિયલ સ્થળોએ વાહન પાર્કિંગના દર અને નિયમો નક્કી કરવા રાજ્ય સરકાર અથવા સક્ષમ સત્તા મંડળ હંમેશા સ્વતંત્ર રહેશે.

## સુરતના રાહુલ રાજ મોલની અરજીથી શરૂ થયેલો કાનૂની વિવાદ

આ સમગ્ર મામલો સુરતના રાહુલ રાજ મોલને સુરત પોલીસ તરફથી આપવામાં આવેલી નોટિસ બાદ શરૂ થયો હતો. ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચના 2019ના ચુકાદાના આધારે સુરતના મદદનીશ પોલીસ કમિશનર દ્વારા 11 જુલાઈ, 2019ના રોજ રાહુલરાજ મોલને પાર્કિંગ ચાર્જ નહીં વસૂલવા સૂચના આપવામાં આવી હતી અને ચાર્જ વસૂલવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. રાહુલરાજ મોલ ગુજરાત હાઇકોર્ટની મૂળ કાર્યવાહીમાં પક્ષકાર ન હોવાથી તેના તરફથી એડવોક્ટ કુમારેશ ત્રિવેદી મારફતે સુપ્રીમ કોર્ટમાં વિશેષ પરવાનગી અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે અરજી સ્વીકારી રાજ્ય સરકાર, સુરત પોલીસ કમિશનર, અમદાવાદ મહાનગરપાલિકા, સુરત મહાનગરપાલિકા સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી હતી. આ સાથે અમદાવાદના રુચિ મોલની અરજી પણ ટેગ કરવામાં આવી હતી.

## વચગાળાના આદેશમાં એક કલાક ફ્રી પાર્કિંગની જોગવાઈ




કેસની અગાઉની સુનાવણી દરમિયાન જસ્ટિસ દીપક ગુપ્તા અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝની ખંડપીઠે વચગાળાના આદેશ દ્વારા પ્રથમ એક કલાકનું પાર્કિંગ નિઃશુલ્ક રાખવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ ચાર પૈડાંવાળા વાહન માટે મહત્તમ રૂ.30 અને બે પૈડાંવાળા વાહન માટે રૂ.10 પ્રતિ દિવસ સુધી ચાર્જ વસૂલવાની છૂટ આપવામાં આવી હતી. સુરતની રાહુલ રાજ મોલ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે મોલનું પાર્કિંગ સુરત મહાનગરપાલિકાની આકારણીમાં 'પે એન્ડ પાર્ક' તરીકે આકારવામાં આવ્યું છે અને પાર્કિંગ વ્યવસ્થાના સંચાલન તથા સ્ટાફ માટે ખર્ચ થાય છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે અગાઉ રાજ્ય સરકારને પાર્કિંગ અંગે નીતિ ઘડવા માટે પણ દિશા-નિર્દેશ આપ્યા હતા. ત્યારબાદ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પાર્કિંગ પોલિસી-2021 અમલમાં મૂકવામાં આવી હતી.

## હવે સુપ્રીમ કોર્ટે શું ઠેરવ્યું?



સુપ્રીમ કોર્ટે 15 સપ્ટેમ્બર, 2026ના પોતાના આદેશમાં નોંધ્યું કે અમદાવાદ મહાનગરપાલિકાએ આ દરમિયાન પાર્કિંગ પોલીસી , 2021 ઘડી દીધી છે અને પાર્કિંગ ચાર્જ હવે આ નીતિ મુજબ નિયંત્રિત થાય છે. સક્ષમ અને નિષ્ણાત સ્થાનિક સત્તા દ્વારા વ્યાપક પાર્કિંગ પોલિસી ઘડાઈ ચૂકી હોવાથી ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચનો અગાઉનો હુકમ રદ કરવામાં આવે છે, તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે સાથે સ્પષ્ટ કર્યું છે કે અરજદારો હાલની અમદાવાદ પાર્કિંગ પોલિસી-2021 તથા ભવિષ્યમાં અમદાવાદ મહાનગરપાલિકા અથવા રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવનારી અન્ય પાર્કિંગ પોલિસીનું પાલન કરશે. બીજી તરફ, મોલ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ તથા અન્ય જાહેર સ્થળોએ વાહન પાર્કિંગ માટેના દર અને નિયમો નક્કી કરવાની સત્તા રાજ્ય સરકાર અથવા સક્ષમ સત્તા મંડળ પાસે યથાવત રહેશે. આ સાથે બંને અપીલોનો નિકાલ કરી દેવામાં આવ્યો

## ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે શું કહ્યું હતું?



2019માં ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે મોલ, મલ્ટિપ્લેક્સ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં મુલાકાતીઓ પાસેથી પાર્કિંગ ચાર્જ વસૂલવા સામે ચુકાદો આપ્યો હતો. ડિવિઝન બેન્ચે GDCR હેઠળ મોલ માલિકો માટે પાર્કિંગની જગ્યા પૂરી પાડવી ફરજિયાત હોવાની અને પાર્કિંગ માટે FSIમાં રાહત આપવામાં આવતી હોવાની બાબતોને ધ્યાનમાં લીધી હતી. હાઇકોર્ટે તે સમયે એવું ઠેરવ્યું હતું કે મુલાકાતીઓ પાસેથી પાર્કિંગ ફી વસૂલવાની જોગવાઈ GDCRમાં નથી.

**ગુજરાત પર બે વરસાદી સિસ્ટમ સક્રિય**

# દાહોદ અને છોટાઉદેપુરમાં આગામી 24 કલાકમાં અતિભારે વરસાદની આગાહી

**ઉત્તર** ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય, 19મીએ બંગાળની ખાડીમાં લો-પ્રેશર બનશે

**ગાંધીનગર** સહિત મધ્ય-ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા; 20 સપ્ટેમ્બર બાદ વરસાદનું જોર ઘટશે

**પશ્ચિમ** રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં 19 સપ્ટેમ્બર આસપાસ ચોમાસાની વિદાય માટેની પરિસ્થિતિ અનુકૂળ બનશે

ગાંધીનગરઃ ગુજરાતમાં ચોમાસું હજુ સક્રિય છે ત્યારે રાજ્ય પર એકસાથે બે વરસાદી સિસ્ટમની અસર જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારમાં અપર-એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જ્યારે ઉત્તર થાઈલેન્ડ તરફનું સાયક્લોનિક સર્ક્યુલેશન ઉત્તર આંદામાન સમુદ્ર તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ સિસ્ટમની અસર હેઠળ 19 સપ્ટેમ્બરની સાંજ આસપાસ ઉત્તર આંદામાન સમુદ્ર અને આસપાસના વિસ્તારમાં લો-પ્રેશર એરિયા રચાવાની શક્યતા છે. આગામી 3થી 4 દિવસમાં આ સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી દક્ષિણ ઓડિશા-ઉત્તર આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ જશે. રાજ્યમાં આગામી 24 કલાક દરમિયાન દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, મહીસાગર, વડોદરા અને નર્મદા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ અને 30થી 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે સપાટી પરના પવનની પણ શક્યતા છે. 19 અને 20 સપ્ટેમ્બરે ઉત્તર તથા દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે. શુક્રવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના 224 જેટલા તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ગીર સોમનાથના ગીર ગઢડામાં 3 ઈંચ, અરવલ્લીના મેઘરજમાં 3 ઈંચ, અમદાવાદ શહેરમાં 2.87 ઈંચ, સાબરકાંઠાના તલોદમાં 2.52 ઈંચ, નર્મદાના ડેડિયાપાડામાં 2.40 ઈંચ, અરવલ્લીના મોડાસામાં 2.36 ઈંચ અને મહીસાગરના કડાણામાં 2.24 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં આશરે 66 તાલુકામાં 1થી 3 ઈંચ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 20 સપ્ટેમ્બર બાદ વરસાદનું પ્રમાણ ધીમે ધીમે ઘટશે, જોકે 21થી 25 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં પણ વાદળછાયું વાતાવરણ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. બીજી તરફ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં 19 સપ્ટેમ્બર આસપાસ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય માટેની પરિસ્થિતિ અનુકૂળ બનવાની શરૂઆત થવાની હવામાન વિભાગે આગાહી કરી

# કચ્છ-બનાસકાંઠામાં ધોરી માર્ગો પહોળા, ફોરલેન કરવા ૬૯૨ કરોડની ફાળવણી

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલે કચ્છના ત્રણ માર્ગો માટે ૩૬૩ કરોડ બનાસકાંઠા માટે ૨૨૯ કરોડ ફાળવ્યા

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અતિમહત્વના ધોરીમાર્ગોને ૭ મીટર માંથી ૧૦ મીટર જેટલા પહોળા કરવા કચ્છ જિલ્લાને ૩૬૩ કરોડ તેમજ ૧૦ મીટર માર્ગને ફોરલેન કરવા માટે બનાસકાંઠા જિલ્લાને ૨૨૯ કરોડ રૂપિયા મળીને કુલ 692 કરોડ રૂપિયા ફાળવ્યા છે. તદઅનુસાર, હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો નારાયણ સરોવર રોડ, લખપત નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર પાન્ધ્રો રોડ એમ ત્રણ માર્ગોને ૭ મીટરથી ૧૦ મીટર પહોળા કરવાના કામો માટે ૩૬૩ કરોડ રૂપિયાના કામો મંજૂર થયા છે. એટલું જ નહીં, ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં શિહોરી, પાટણ રોડને 10 મીટરથી પહોળો કરીને ફોરલેન કરવા માટે 229 કરોડ રૂપિયાનું કામ મંજુર કર્યું છે. કચ્છ અને બનાસકાંઠાના આ રસ્તાઓ આજુબાજુના તાલુકાઓને એકબીજા સાથે જોડતા હોવાથી ગ્રામજનો માટે અત્યંત મહત્વના પુરવાર થશે. તેમજ ૧૦.૦૦ મીટર પહોળા અને ફોરલેન બનવાથી આસપાસના નાના-મોટા ઔદ્યોગિક, તથા વાણિજ્ય વિસ્તારોમાં અવરજવર કરતાં ભારે વાહનો વધુ ઝડપથી અને સુરક્ષિત રીતે પસાર થઈ શકશે.. કચ્છ જિલ્લામાં આ માર્ગોના પહોળા થવાથી તથા સુદ્રઢીકરણથી નારાયણ સરોવર, કોટેશ્વર જેવા યાત્રાધામો તથા આસપાસના પ્રવાસન સ્થળો સુધી પહોંચવું વધુ સરળ અને આરામદાયક બનશે અને પરિણામે આ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રનો પણ સારો એવો વિકાસ થવાની સંભાવના છે. રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ વધારીને સર્વગ્રાહી વિકાસની પ્રતિબદ્ધતા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ મકાન વિભાગને 692 કરોડ રૂપિયા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવ્યા છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી કચ્છ અને બનાસકાંઠાના સર્વાંગી વિકાસને વેગ મળશે.

# ગોથાણ ROBનું રિપેરિંગ પૂરું, ખુલ્લો મુકાતા 25000 વાહનચાલકોને રાહત

**હાઈવે** પર રાજ હોટલથી સુરતમાં આવવા માટે હવે વધુ સરળતા રહેશે

**ધારાસભ્ય** મુકેશ પટેલની રજૂઆતથી હજીરાને હાઈવે સાથે જોડતા આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા હળવી થશે



સુરત : હજીરા વિસ્તારને નેશનલ હાઈવે સાથે જોડતા મહત્વના માર્ગ પર આવેલો ગોઠણ-ઉમરા બ્રિજ લાંબા સમયથી રિપેરિંગ માટે બંધ હોવાથી ભારે વાહનો સહિત હજારો વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. બ્રિજનું જરૂરી રિપેરિંગ કાર્ય પૂર્ણ થતાં આજે તેને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. જેના પગલે આ માર્ગ પરથી રોજ પસાર થતા આશરે 25 હજારથી વધુ નાના-મોટા વાહનોને રાહત મળી છે. હાઈવે પરથી રાજ હોટલ પાસેથી સુરતમાં આવવા માટે આ બ્રિજ ખૂબ જ મહત્વનો હતો અને લોકો તેમાં કોટિંગ ઉખડી જવાથી ભારે હેરાન થતાં હતા. ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલની રજૂઆતના પરિણામે ગોઠણ-ઉમરા બ્રિજનું જરૂરી રિપેરિંગ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. બ્રિજ ફરી ખુલ્લો થતાં ખાસ કરીને રોજિંદા ધોરણે આ માર્ગનો ઉપયોગ કરતા હજારો વાહનચાલકોરને ટ્રાફિકમાંથી રાહત મળવાની શક્યતા છે.

બ્રિજ ખુલ્લો મુકવાના પ્રસંગે વોર્ડ નં. 1ના કોર્પોરેટરો વિજય ભાટીયા, ભાજપ સંગઠનના હોદ્દેદારો, ગોઠણ-ઉમરાના ગ્રામજનો તેમજ વિવિધ સોસાયટીઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોધમાર વરસાદથી અમદાવાદ ડૂબ્યું, શાળામાં રજા આપી દેવી પડી

**10 વાગ્યા** સુધીમાં સરેરાશ 3 ઈંચ વરસાદ, અનેક સ્થળે પાંચ ઈંચથી વધુ વરસાદ

અમદાવાદઃ અમદાવાદમાં આજે વહેલી સવારથી મેઘરાજાએ તોફાની બેટિંગ કરતાં માત્ર થોડા કલાકોમાં શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સવારે શરૂ થયેલા ધોધમાર વરસાદને કારણે શહેરના તમામ રસ્તાઓ, અંડરપાસ અને સોસાયટીઓમાં, વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન ખોરવાયું હતું. સવારે 10 વાગ્યા સુધીમાં શહેરમાં સરેરાશ આશરે 3 ઈંચ વરસાદ નોંધાયો હતો. દક્ષિણ-પશ્ચિમ ઝોનના સરખેજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સૌથી વધુ સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જ્યારે નવરંગપુરામાં 110 મિ.મી. વરસાદ નોંધાયો હતો.

અમદાવાદ શહેરમાં ગણતરીના કલાકોમાં પડેલા વરસાદને પગલે શહેરના વસ્ત્રાપુર, માનસી ચાર રસ્તા, પકવાન, કર્ણાવતી ક્લબ રોડ, હાટકેશ્વર, ખોખરા, અમરાઈવાડી અને મણિનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હાટકેશ્વર સર્કલ જાણે તળાવમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. રસ્તાઓ પર પાણી ભરાતા અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના મીઠાખળી, પરિમલ, શાહીબાગ, અખબારનગર અને મકરબા સહિતના અંડરપાસમાં પાણી ભરાતા વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા. વરસાદની અસર જાહેર પરિવહન પર પણ જોવા મળી હતી. BRTSના કેટલાક રૂટ પર બસ સેવા પ્રભાવિત થઈ હતી. વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શાળાઓને સ્થાનિક સ્થિતિનું મૂલ્યાંકન કરીને સ્વૈચ્છિક રીતે રજા અંગે નિર્ણય લેવા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સૂચના આપવામાં આવી હતી.

પૂરતી સાવચેતીના ભાગરૂપે ફાયર વિભાગને એલર્ટ રાખવામાં આવ્યો છે. શહેરના બોડકદેવ, શાસ્ત્રીનગર, પ્રગતિનગર, નવરંગપુરા અને કેશવબાગ સહિતના વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાના બનાવો પણ નોંધાયા હતા. ફાયર વિભાગની ટીમોએ રસ્તા પર પડેલા વૃક્ષો હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરવા કામગીરી હાથ ધરી હતી.

પૂર્વ વિસ્તારમાં પણ વરસાદની અસર જોવા મળી હતી. સવારે 9.30 વાગ્યા બાદ વરસાદની તીવ્રતા ઘટતાં કેટલાક વિસ્તારોમાં પાણી ઓસરવાની શરૂઆત થઈ હતી, જોકે હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સાવચેતી અને તકેદારી યથાવત રાખવામાં આવી છે.

# સ્ટાર કાચબા તસ્કરી કેસમાં બે આરોપીઓના ત્રણ દિવસનાં રિમાન્ડ

**વન** વિભાગે પાંચ દિવસનાં રિમાન્ડ માંગ્યા હતા

**રિમાન્ડ** દરમિયાન કાચબા ક્યાંથી આવ્યા, કોને વેચવાના હતા અને સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ સંકળાયેલું છે તેની તપાસ કરાશે

સુરતઃ ઉધના દરવાજા વિસ્તારમાં ગઈકાલે વન વિભાગ અને વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરોની સંયુક્ત કાર્યવાહીમાં 18 પ્રતિબંધિત ભારતીય સ્ટાર કાચબા સાથે ઝડપાયેલા બે આરોપીઓને આજે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા બંને આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. જોકે, કોર્ટ દ્વારા ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

ગઈકાલે WCCBને મળેલી બાતમીના આધારે વન વિભાગ અને WCCBની ટીમે ઉધના દરવાજા વિસ્તારમાં આવેલી સુરત એન્ટરપ્રાઈઝ ખાતે છટકું ગોઠવ્યું હતું. ટીમે સ્ટાર કાચબાની માંગણી કરતાં દુકાનદાર દિનેશ કનકાભાઈ ઠાકોરે શેખ મોહમદ અઝહરને ફોન કરી કાચબા લઈ આવવા જણાવ્યું હતું. ત્યારબાદ અઝહર પોતાના ગોપીપુરા વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાંથી 18 સ્ટાર કાચબા લઈને દુકાન પર પહોંચ્યો હતો. કાચબા વેચાણ માટે લાવવામાં આવતા જ વન વિભાગની ટીમે બંનેને રંગેહાથ ઝડપી લીધા હતા. ત્રણ દિવસના રિમાન્ડ દરમિયાન વન વિભાગ દ્વારા 18 સ્ટાર કાચબા ક્યાંથી લાવવામાં આવ્યા હતા.

આરોપીઓને કાચબા કોણે આપ્યા હતા, આ કાચબા કોને વેચવાના હતા, અગાઉ પણ આવી રીતે કાચબાની ખરીદ-વેચાણ થઈ હતી કે કેમ અને આ ગેરકાયદે વેપારમાં અન્ય કોઈ વ્યક્તિ કે નેટવર્ક સંકળાયેલું છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત કાચબાના ગેરકાયદે વેપાર પાછળના સ્ત્રોત અને ગ્રાહકો સુધી પહોંચવાનો પણ પ્રયાસ કરવામાં આવશે.

# VNSGUમાં 24 દેશના 143 વિદેશી વિદ્યાર્થીએ અભ્યાસ માટે અરજી કરી

**ICCR** શિષ્યવૃત્તિ હેઠળ 85 અરજી માન્ય, બાંગ્લાદેશના સૌથી વધુ 29 અરજદાર, માલાવીના 16 અને તાંઝાનિયાના 15

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં વિદેશી વિદ્યાર્થીઓનો અભ્યાસ માટેનો રસ સતત વધી રહ્યો છે. શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)ની શિષ્યવૃત્તિ હેઠળ 24 દેશમાંથી કુલ 143 વિદેશી વિદ્યાર્થીએ VNSGUમાં અભ્યાસ માટે અરજી કરી છે, જેમાંથી 85 અરજી માન્ય ઠરી છે, જ્યારે 58 અરજી હાલ પેન્ડિંગ છે. માન્ય થયેલી અરજીઓના આધારે આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ ફાળવવામાં આવશે. વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની તક આપવા માટે ICCR દ્વારા વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે VNSGUમાં અભ્યાસ માટે વિશ્વના 24 દેશના વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી છે. દેશવાર અરજીઓ પર નજર કરીએ તો બાંગ્લાદેશમાંથી સૌથી વધુ 29 અરજી મળી છે, જેમાંથી 15 અરજી માન્ય થઈ છે. ત્યારબાદ માલાવીના 16માંથી 10, તાંઝાનિયાના 15માંથી 9, નાઈજિરિયાના 9માંથી 3, ઈથિયોપિયાના 8માંથી 4 અને નેપાળના 8માંથી 5 અરજદારની અરજીઓ માન્ય ઠરી છે.

### સૌથી વધુ અરજીઓ ધરાવતા દેશો

| | |
|---|---|
| બાંગ્લાદેશ | 29માંથી 15 માન્ય |
| માલાવી | 16માંથી 10 માન્ય |
| તાંઝાનિયા | 15માંથી 9 માન્ય |
| નાઇજિરિયા | 9માંથી 3 માન્ય |
| ઇથિયોપિયા | 8માંથી 4 માન્ય |
| નેપાળ | 8માંથી 5 માન્ય |

### આંકડામાં વિદેશી વિદ્યાર્થીઓ

| | |
|---|---|
| કુલ દેશ | 24 |
| કુલ અરજી | 143 |
| માન્ય અરજી | 85 |
| પેન્ડિંગ અરજી | 58 |
| અંડર ગ્રેજ્યુએટ | 27 |
| પોસ્ટ ગ્રેજ્યુએટ | 107 |
| પીએચ.ડી. | 9 |

# રાજ્યમાં એકસાથે 10 IPS, SPS અધિકારીઓની બદલી-નિમણૂક

ગાંધીનગરઃ ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર દ્વારા રાજ્યપાલના નામે બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, માનસી આર. મીના (IPS-2023)ને વિરમગામ ડિવિઝન (અમદાવાદ), મોસમ હર્ષદભાઈ મહેતા (IPS-2023)ને દિયોદર ડિવિઝન (વાવ-થરાદ), પ્રખર કુમાર (IPS-2024)ને ખંભાળિયા ડિવિઝન (દેવભૂમિ દ્વારકા) અને કરણકુમાર મનસુખભાઈ પન્ના (IPS-2024)ને લિમખેડા ડિવિઝન (દાહોદ)માં ASP તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

બીજી તરફ, જે. આઈ. વસાવાને DCP ટ્રાફિક નોર્થ, વડોદરાથી બદલી કરીને SRPF ગ્રુપ-9, વડોદરા ખાતે કમાન્ડન્ટ, ડી. એમ. ચૌહાણને SP વિસનગરથી SRPF ગ્રુપ-3, મડાણા (બનાસકાંઠા) ખાતે કમાન્ડન્ટ અને પ્રકાશકુમાર વિષ્ણુપ્રસાદ રાવલને SRPF ગ્રુપ-15, ONGC મહેસાણાથી SRPF ગ્રુપ-4, પાવડી (દાહોદ) ખાતે કમાન્ડન્ટ તરીકે મૂકવામાં આવ્યા છે.

તે ઉપરાંત બી. એલ. દેસાઈને SP હેડક્વાર્ટર, પંચમહાલ-ગોધરાથી SRPF ગ્રુપ-5, ગોધરા, એચ. પી. દોશીને SP, પોલીસ ટ્રેનિંગ સેન્ટર મુક્યા હતા.

સોરઠ-જૂનાગઢથી SRPF ગ્રુપ-13, રાજકોટ અને એલ. બી. ઝાલાને DCP F-ડિવિઝન, સુરતથી SRPF ગ્રુપ-11, વાવ (સુરત) ખાતે કમાન્ડન્ટ તરીકે બદલી કરવામાં આવી છે. ગૃહ વિભાગે તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી નિમણૂકનો હોદ્દો સંભાળી લેવા સૂચના આપી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**કાગળ પર...**

આ વ્યવસ્થાનો હેતુ ફાયર ચકાસણીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવાનો દર્શાવાયો હોય, પરંતુ વાસ્તવિકતામાં ફાયર સેફ્ટી રિન્યુઅલની સમગ્ર પ્રક્રિયામાં 'ટેબલ નીચેનો વહીવટ' અને ભ્રષ્ટાચાર ચાલતો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. રાજ્ય સરકાર અને તેના શહેરી વિકાસ વિભાગે ખાનગી FSO પર નિર્ભર રહીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હોય તેમ લાગે છે. બોગસ કે સ્થળ તપાસ વગર એનઓસી આપનારા ઓફિસરો કે નિયમોનું ઉલ્લંઘન કરનારા માર્કેટ એસોસિએશનો સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવતી નથી. જ્યાં સુધી સરકાર અને સ્થાનિક તંત્ર આવા ટેબલ રિન્યુઅલના ખેલ બંધ કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં નહીં ભરે, ત્યાં સુધી આવી 'કાગળ પરની એનઓસી' માર્કેટો અને તેમાં કામ કરતા વેપારીઓ માટે મરણ સર્ટિફિકેટ જ પૂરવાર થશે.

**સ્થળ મુલાકાત...**

ભીષણ આગ વખતે આ ગંભીર બેદરકારી છતી થઈ હતી. માર્કેટના ઉપરના માળે મંજૂરી વગરનો ભારે પ્રમાણમાં ટેક્સટાઈલનો જથ્થો ખડકાયેલો હતો અને ઈમરજન્સી માર્ગોમાં સામાન પડેલો હોવાથી ફાયર ફાઈટરો માટે બચાવ અને આગ બુઝાવવાની કામગીરી અત્યંત પડકારજનક બની ગઈ હતી. આ ઘટનાના બીજા જ અઠવાડિયે સારોલીની જ સલાસર માર્કેટમાં ફરી આગ લાગતાં સ્પષ્ટ થઈ ગયું છે કે ફાયર સેફ્ટી સિસ્ટમ સંપૂર્ણપણે નિષ્ફળ નિવડી છે. જો કોઈ માર્કેટનું ફાયર સર્ટિફિકેટ તાજેતરમાં જ રિન્યુ થયું હોય, તો સ્થળ પર સાધનો ખરેખર ચાલુ હાલતમાં છે કે નહીં તેની ચકાસણી કોણ કરે છે? તેવો યક્ષ પ્રશ્ન ઊભો થયો છે.

**ઝાડ સાથે...**

મેઘવાલ (ઉ.વ ૨૭, કાર ચાલક હાલ રહે સોળસુંબા કિષ્ણાનગર), નરેન્દ્રસિંહ રઘુવીરસિંહ રાઠોડ (ઉ.વ.30 સોળસુંબા શિવમ વિહાર), વિક્રમસિંહ સંપતસિંહ સોહાન (ઉ. ૨૩ રહે ઉમરગામ), જાલમસિંહ મઘસિંહ રાજપુત (ઉ. 30 કાર માલિક રહે ઉમરગામ તમામ મૂળ રહે રાજસ્થાન) અને અર્જુન ત્રિયોગીનાથ શાહ (ઉ. ૨૬ ઉમરગામ સુંદરવન ગાંધીવાડી મૂળ યુપી) રાત્રે ભીલાડ રામદેવ હોટલમાં જમીને પરત સ્વીફ્ટ કારમાં બેસીને ઉમરગામ આવી રહ્યા હતા ત્યારે રાત્રિના ત્રણેક વાગ્યાના સુમારે ભીલાડ સંજાણ વચ્ચે તુંબ ધીમસા માર્ગ પર તેમની બેકાબૂ કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને ગંભીર ઇજાના કારણે ઘટના સ્થળે જ બાલારામ ઉર્ફે કિશન, નરેન્દ્રસિંહ રાઠોડ અને અર્જુન ત્રિયોગીનાથનુ કરુણ મોત નીપજવા પામ્ય હતુ. અને વિક્રમસિંહ સોહાન, જાલમસિંહ રાજપુત (કાર માલિક) ને ગંભીર ઇજાઓ પહોંચતા શરૂઆતમાં વલસાડ સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે સુરત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

**સુરતવાસીએ...**

જણાવ્યું હતું કે, તે સુરતથી રાત્રે ૧૦ વાગ્યે નીકળીને અંદાજે ૫ થી ૬ કલાકની મુસાફરી કરીને મુંબઈ પહોંચ્યો હતો. મુંબઈ પહોંચ્યા બાદ સ્ટોરની બહાર અંદાજે ૬ કલાકથી વધુ સમય સુધી રાત્રે જ લાઈનમાં ઊભા રહીને પ્રતીક્ષા કરી હતી. પોતે માત્ર એક નહીં પરંતુ બે ફોન ખરીદ્યા હતા. તેણે જણાવ્યું હતું કે તે લાંબા સમયથી એપલ પ્રોડક્ટ્સ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલો છે અને પહેલા જ દિવસે નવો આઈફોન મેળવવો તેના માટે ખૂબ મહત્વનો અનુભવ રહે છે. તે આઈફોનનું 3 વર્ઝન હતું ત્યારથી વાપરે છે અને વચ્ચે માત્ર આઈફોન 5 જ લઈ શક્યો નહોતો. તે સિવાય તે દરેક વખતે આઈફોનનું નવું વર્ઝન પ્રથમ દિવસે જ ખરીદે છે. આગામી દિવસમાં જ્યારે આઈફોન ફોલ્ડ આવશે ત્યારે તે તેને પણ પ્રથમ દિવસે જ ખરીદશે.

**કોર્ટ સંકુલમાં...**

હોવાની પણ સંભાવના છે. કોર્ટની સુરક્ષા વ્યવસ્થા કેટલી સઘન રહે છે તે અંગે પણ સવાલો ઉઠ્યા હતા કે આ કોન્ડમ છેક અહીં સુધી આવ્યું કંઈ રીતે?



# સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા વકીલો, જ્યુડીશિયરી સ્ટાફ તેમજ કોર્ટ કર્મચારીઓના સ્વાસ્થ્યની જાળવણી હેતુસર એક વિશેષ થ્રી ઈન વન મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ઓર્થોપ્લસ હોસ્પિટલ, શિવમ સ્કીન એન્ડ હેર કેર તથા ડો. સચદેવ મેક્સિવિઝન આઈ હોસ્પિટલ, સુરતના સંયુક્ત ઉપક્રમે આજે સુરત જિલ્લા ન્યાયાલય, કોન્ફરન્સ હોલ ખાતે યોજાયો હતો. આ મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનો ૩૫૦થી વધુ વકીલો, જ્યુડીશિયરી સ્ટાફ અને કોર્ટ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ લાભ લીધો હતો.

# ઉમરપાડામાં બે ઈંચ, મહુવા-માંગરોળમાં એક ઈંચ વરસાદ

**સુરતમાં** તાપમાનનો પારો 31.2 ડિગ્રી, ભેજનું પ્રમાણ 90 ટકાએ પહોંચી ગયું

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જોકે સમગ્ર શહેરમાં એકસમાન વરસાદ પડ્યો નહોતો અને દિવસ દરમિયાન ક્યાંક વરસાદી ઝાપટાં તો ક્યાંક તડકો જોવા મળતાં મિશ્ર હવામાન રહ્યું હતું. સુરત જિલ્લામાં પણ આજે બપોર બાદ અનેક તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ ઉમરપાડામાં 40 મિ.મી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ મહુવામાં 23 મિ.મી., માંગરોળમાં 20 મિ.મી., ચોર્યાસીમાં 15 મિ.મી., માંડવીમાં 13 મિ.મી., બારડોલીમાં 12 મિ.મી., અરેઠમાં 11 મિ.મી., ઓલપાડ અને કામરેજમાં 8-8 મિ.મી., સુરતમાં 7 મિ.મી., પલસાણામાં 4 મિ.મી. અને અંબિકા તાલુકામાં 27 મિ.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલની અસર શહેરના તાપમાન પર પણ જોવા મળી હતી. આજે મહત્તમ તાપમાન આશરે અડધો ડિગ્રી ઘટીને 31.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 26.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ઊંચું રહીને 90 ટકા સુધી પહોંચ્યું હતું. જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન 6 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો.

## હાલમાં ભારે વરસાદ લાવે તેવી કોઈ જ સિસ્ટમ નથી: હવામાન વિભાગ

હવામાનની સ્થિતિ અંગે જાણકારોના મતે હાલ દક્ષિણ ગુજરાત કે સુરત ઉપર ભારે વરસાદ લાવે તેવી કોઈ મોટી સિસ્ટમ સક્રિય નથી. હાલમાં સ્થાનિક સ્તરે વરસાદી પ્રવૃત્તિ સક્રિય થતાં શહેર અને જિલ્લામાં છૂટોછવાયો વરસાદ જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બરનો અંતિમ તબક્કો હોવાથી આ વરસાદને પાછોતરો વરસાદ માનવામાં આવે છે અને ચોમાસું હવે વિદાય તરફ આગળ વધી રહ્યું છે. તેમ છતાં સ્થાનિક વરસાદી સિસ્ટમની અસરને કારણે આગામી દિવસોમાં પણ વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની શક્યતા યથાવત્ રહેવાની સંભાવના છે.